RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૬૧૫ તા.૭–૨–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી જીગ્નેશ મનસુખભાઈ ગોળકીયા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી જીગ્નેશ મનસુખભાઈ ગોળકીયાની તા. ૦૨–૦૧–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) ભાલચંદ સોસાયટી, કતારગામ વિસ્તારમાં આવેલ નિલકંઠ વિદ્યાલય ઉપર બાંધકામ કરવામાં આવેલ છે તે બાંધકામની પરવાનગી મેળવવામાં આવેલ છે કે નહી ? અને તે અંગેની પરવાનગી લેવામાં આવેલ હોય તો તે પરવાનગી અંગેના જે કાગળો હોય તેની સર્ટીફાઈટ નકલ આપવા વિ. મુદ્દા નં. (૧)થી (૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૭–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૧૫/૨૦૧૧–૧૨

શ્રી જીગ્નેશ મનસુખભાઈ ગોળકીયાની તા. ૦૨–૦૧–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) ભાલચંદ સોસાયટી, કતારગામ વિસ્તારમાં આવેલ નિલકંઠ વિદ્યાલય ઉપર બાંધકામ કરવામાં આવેલ છે તે બાંધકામની પરવાનગી મેળવવામાં આવેલ છે કે નહી ? અને તે અંગેની પરવાનગી લેવામાં આવેલ હોય તો તે પરવાનગી અંગેના જે કાગળો હોય તેની સર્ટીફાઈટ નકલ આપવા વિ. મુદ્દા નં. (૧)થી (૩)ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)ના પત્ર નં.એન.ઝેડ/આઉટ/નં.૭૪૮૪ તા.૩૦–૧–૧૨થી મળેલ જવાબથી કોઈપણ જાતનો સચોટ અને કોઈપણ જાતનું ડીમોલેશન કરવામાં આવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૭–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા ડીમોલેશન કાર્યવાહીની દફતરી વિગતો, ફાઈલ રીપોર્ટ, લોગબુક નકલ વિગતો સહ વસુલ કરેલ ચાર્જ અંગેના આધાર સહ દફતરી વિગતો સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૭૭૯ તા.૧૭–૨–૧૨ થી** એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન) તથા અરજદારને ડીમોલેશન કરવામાં નહીં આવ્યાના દાવા અંગે આધાર સહ રજુઆત કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૨૦–૩–૧૨ નો પૂરક પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા.૨–૦૧–૧૨ ની અરજીથી ભાલચંદ સોસા.માં નીલકંઠ વિદ્યાલય કતારગામમાં બાંધકામ બાબતે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી કતારગામઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૭૪૮૪ તા.૩૦–૧–૧૨ થી નિયત સમય અવધિમાં અરજદારને માહિતી આપવામાં આવેલ. જેમાં મુદ્દા નં. (૧) ભાલચંદ સોસાયટી, કતારગામ વિસ્તારમાં આવેલ નિલકંઠ વિદ્યાલય ઉપર બાંધકામ કરવામાં આવેલ છે તે બાંધકામની પરવાનગી મેળવવામાં આવેલ છે કે નહી ? અને તે અંગેની પરવાનગી લેવામાં આવેલ હોય તો તે પરવાનગી અંગેના જે કાગળો હોય તેની સર્ટીફાઈટ નકલ આપવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં ભાલચંદ્ર સોસા. નીલકંઠ વિદ્યાલયના બાંધકામની પરવાનગી મેળવેલ હોવા બાબતે કોઈ માહિતી ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) પરવાનગી અંગેના જે કાગળો હોય તેની સર્ટીફાઈડ નકલ સદરહુ શાળામાં કેટલા માળ બાંધકામ કરવાની પરવાનગી આપવામાં આવે છે તે અંગેની લેખિતમાં માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉકત મુદ્દા નં.(૧) મુજબની હકીકત હોય માહિતી આપવાની રહેતી નથી. મુદ્દા નં.(૩) તે અંગે આપની કચેરીમાંથી બાંધકામ કરવા અંગે પરવાનગી આપવામાં આવેલ છે કે કેમ? આવેલ હોય તો તેની નકલ તથા સદર બાંધકામ મંજુરી વગરનું હોય તો આપની કચેરી ધ્વારા કયા પગલા કરવામાં આવે છે અને સદર અરજીથી તે પગલા કેટલા સમયમાં ભરવામાં આવે છે તેની વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નીલકંઠ વિદ્યાલય ધ્વારા હાલ ઉપરના બાંધકામ માટે સુમપા ધ્વારા ધીબીપીએમસી એકટની કલમ–૨૬૦(૧) (અ) તથા ૨૬૭ મુજબ કારણદર્શક નોટીસ

તથા મનાઈ હુકમ આપવામાં આવેલ તથા તા.૧૯–૧–૧૨ ના રોજ ધીબીપીએમસી એકટની કલમ–૩૮૭ મુજબ એન્ટ્રી નોટીસ આપી ડીમોલીશનની કામગીરી સુરત મહાનગરપાલિકા ધ્વારા હાથ ધરી ડીમોલીશન ચાર્જ પેટે રૂા . ૨૦.૦૦૦/– વસુલ લેવામાં આવેલ. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૭૪૮૪ તા.૩૦–૧–૧૨ ના પ્રત્યુત્તરથી નારાજ થઈ તા.૭–૨–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે કોઈ પણ જાતનો સચોટ જવાબ આપેલ નથી બીપીએમસી એકટ મુજબ કલમ–૩૮૭ મુજબ એન્ટ્રી નોટીસ આપી ડીમોલીશનની કામગીરી હાથ ધરી તેમજ ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૨૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે તેમ જણાવેલ છે. પરંતુ ખરી હકીકતમાં કોઈ પણ જાતનું ડીમોલીશન કરવામાં આવેલ નથી અને હાલમાં પણ યુધ્ધના ધોરણે બાંધકામ ચાલી રહેલ છે અને પ્લાસ્ટર તથા ચણતરનું કામ ચાલી રહેલ છે ફકત અમો અરજદારની અરજીનો નિકાલ કઈ રીતે કરવો તે હેતુથી અમો અરજદારને જવાબ આપેલ છે જેથી અમો હાલની અપીલ દાખલ કરેલ છે. તેવી રજૂઆત કરેલ છે. જેના સંદર્ભે અત્રેથી અરજદારને ડીમોલીશન કરવામાં નહીં આવ્યાના આધાર સહ રજૂઆત કરવા જણાવવામાં આવેલ. જે અંગે અરજદારે તેવા આધાર પુરાવાની જગ્યાએ અપીલ અસ્વીકાર બાબતેની તથા આરટીઆઈ એકટની કલમ–૧૧(૨) ની ત્રાહિત પક્ષકારની કાયદાની જોગવાઈઓ જણાવેલ છે. પરંતુ ડીમોલીશન બાબતના આધાર પુરાવાઓ રજૂ કરવામાં સફળ રહેલ નથી. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી જણાવવામાં આવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. વધુમાં અરજદારે બાંધકામ અને પ્લાસ્ટર ચણતરના કામ ચાલી રહયા બાબતે કોઈ ફરીયાદ હોય તો જે તે સક્ષમ અધિકારીને રજૂઆત કરવાની રહે છે.

અરજદારની પ્રથમ અપીલ તા.૭–૨–૧૨ ધ્યાને લેતાં ૭–૦૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૨–૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૨–૧–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. વધુમાં અરજદારે અપીલમાં કરેલ બાંધકામ અને પ્લાસ્ટર ચણતરના ચાલી રહેલ બાંધકામ બાબતેની રજૂઆત અંગે કોઈ પ્રશ્ન હોય તો સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી જીગ્નેશ મનસુખભાઈ ગોળકીયા